# ૯, ઓગષ્ટ–૨૦૧૫ (રવિવાર)

## (૧) આંતરરાષ્ટ્રીય આદિવાસી દિન :–

## (૨) ઉમાકાંત કડીયા અને વિનોદ કિનારીવાલાની પૂણ્યતિથિ :

- મહાત્મા ગાંધીજીએ ૧૯૪૨માં આઝાદીના ભાગરૂપે ભારત છોડો ચળવળનું એલાન કર્યું હતું.
- આ ચળવળના ભાગરૂપે ગુજરાતમાં ૯ ઓગષ્ટના રોજ અમદાવાદના ખડિયામાં 'કરો યા મરો' ના નારા સાથે સરઘસ નિકળ્યું.
- આ સરઘસમાં પોલીસના લાઠીચાર્જ અને ગોળીબારમાં યુવાન ઉમાકાંત કડિયા ઓગષ્ટ ક્રાંતિના પ્રથમ શહિદ થયા.
- બીજા દિવસે ૧૦ ઓગષ્ટના રોજ લો કોલેજના મેદાનમાંથી હજારો વિદ્યાર્થીઓનું સરઘસ નીકળીને ગુજરાત કોલેજના કેમ્પસમાં પ્રવેશ્યું.
- આ સરઘસમાં પોલીસની અનેક ચેતવણી છતાં મક્કમપણે હાથમાં ઝંડો લઇ વિનોદ કિનારીવાલાની ટુકડી આગળ વધી અને પોલીસ ગોળીબારમાં તે શહીદ થયા.
- ગુજરાત કોલેજના પ્રાંગણમાં આ શહિદોનું સ્મારક રચાયું છે.

## (૩) ડિજિટલ ઇન્ડિયા ઓનલાઇન ક્વિઝ :–

- થોડા સમય પહેલા વડાપ્રધાને ડિજિટલ ઇન્ડિયાની જાહેરાત કરી હતી. તેના ભાગરૂપે રાજ્ય સરકારે ડિજિટલ ઇન્ડિયા ઓનલાઇન ક્વિઝનું આયોજન કર્યું છે.
- શિક્ષણ વિભાગના સાયન્સ અને ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ દ્વારા આ આયોજન થશે.
- આ ક્વિઝની અંદર ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને આવરી લેવાયા છે.
- આ માટે વિદ્યાર્થીએ ૧૫ ઓગષ્ટ સુધીમાં ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવું પડશે.
- વિદ્યાર્થીઓ કોઇપણ જગ્યાએથી વ્યક્તિગત રીતે આ ઓનલાઇન ક્વિઝની પરીક્ષા આપી શકશે.
- ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ)ની વેબસાઇટ www.gujcost.gujarat.gov.in. પરથી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
- આ સ્પર્ધામાં IT સાયબર સિક્યુરીટી, સામાન્ય કોમ્પ્યુટર સાયન્સ, ICT ને લગતા MCQ પ્રકારના પ્રશ્નો પુછાશે.
- ક્વિઝનો પ્રથમ રાઉન્ડ ૧૫ ઓગષ્ટ પછી યોજાશે. તેમજ સ્પર્ધાનો છેલ્લો રાઉન્ડ ૮ સપ્ટેમ્બરે આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસના રોજ યોજાશે.
- આ સ્પર્ધામાં વિજેતાઓને આકર્ષક ઇનામો પણ આપવામાં આવશે.

## (૪) નવા રાજ્યપાલોની નિમણૂંક :–

- રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ ભાજપના સિનિયર નેતા રામનાથ કોવિંદને બિહારના રાજ્યપાલપદે નિયુક્ત કર્યા.
- રામનાથ ૧૯૯૪ થી ૨૦૦૬ વચ્ચે બે વાર રાજ્યસભાના સભ્ય રહ્યાં હતાં.
- જ્યારે હિમાચલ પ્રદેશના રાજ્યપાલ પદે શિક્ષાવિદ આચાર્ય દેવવ્રતની નિમણૂંક કરી.
- આચાર્યને નિ:સ્વાર્થ સેવા માટે અમેરિકન બાયોગ્રાફિકલ ઇન્સ્ટિટ્યુટે સન્માનિત કર્યા હતાં.

વિવેકાનંદ એકેડમી (સે.૨૨) મો.૯૯૨૫૬૯૮૭૨૧

વિવેકાનંદ એકેડમી
(સે.૨૨) મો.૯૯૨૫૬૯૮૭૨૧